## –: અંક–૧ લગત હુકમ :–

૧. આજ રોજ કેસ રૅકર્ડને ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ –૧૮૮ નાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે, જે અન્વયે આરોપી સામે સમનસ કાઢવામાં આવેલ નથી, અને માત્ર ચાર્જસીટ રેકર્ડ પર લેવામાં આવેલ. જે અન્વયે સરકાર પક્ષ ને સાંભળવામાં આવ્યા.

૨. રેકર્ડ ધ્યાને લેતા સંબંધીત પોલીસ સ્ટેશન ધ્વારા આરોપી સામે એફ.આઈ.આર., ઈ.પી.કો ની કલમ ૧૮૮ તથા ગુજરાત પોલીસ એકટ ની કલમ ૧૩૫ મુજબ ના ગુના ની દાખલ કરવામાં આવેલ , તેમજ તે અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૧૭૩ મુજબ નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ. આ તબકકે ફોજદારી કાર્યરીતિ સંહિતા કલમ–૨૫૮ વંચાણે લેવી જરૂરી છે. જે નીચે મુજબ છે.

**કલમ : ૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા :–**

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ–કેસ**માં પ્રથમ વગના મેજિસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજિસ્ટ્રેટની પૂર્વમંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજિસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમતે મકત કરવામાં આવે, તેવી અસર થશે.

૩. સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ નાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે તેમજ રૅકર્ડ ધ્યાને લેતાં, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૫૪ અન્વયે પ્રથમ બાતમી અહેવાલ નોંધી, કાર્યવાહી કરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫ ધ્યાને લેવાની થાય. ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૧૯૫(૧)(ક)(૧) ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ

–૧૭૨ થી ૧૮૬ હેઠળ સજા પાત્ર કોઈ પણ ગુનાનું કોગ્નીઝન્સ જ્યાં સુધી તે અંગેની ફરિયાદ, સંબંધિત જાહેર નોકર અથવા વહીવટી હેતુ માટે જેને આધિન હોય, તેવો અન્ય કોઈ જાહેર નોકર દ્વારા કરવામાં ન આવે, ત્યાં સુધી લઈ શકાય નહિ. જેની સાથે ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨ (ડી) ધ્યાને લેતાં, ફરિયાદની વ્યાખ્યામાં પોલીસ અહેવાલનો સમાવેશ થતો નથી. સદર બાબત ધ્યાને લેતાં, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબનાં ગુનાનું સંજ્ઞાન પોલીસ અહેવાલનાં આધારે લઈ શકાય નહિ.

૪. , સદર કામે રજુ કરવામાં આવેલ પેપર્સ ધ્યાને લેતા તેમાં પોલીસ કમિશનર ધ્વારા જણાવામાં આવેલ છે કે ,

" આ હુકમ અન્વયે અમદાવાદ કમિશરેટ માં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશનરશ્રી / અધિક પોલીસ કમિશનરશ્રી ના દરજ્જા ની પો.સઈ. સુધી ના હોદો ધરાવતા તમામ અધિકારીશ્રીઓ ને આ જાહેરનામા નો ભંગ કરનાર ઈસમો સામે ઈ.પી.કો કલમ ૧૮૮ તથા પોલીસ એકટ ની કલમ ૧૩૫ મુજબ ફરિયાદ માંડવા અધિકૃત કરવામાં આવે છે, "

આમ પોલીસ કમિશનરશ્રી ધ્વારા સદર ફરિયાદ કરવા માંટે અધિકૃત કરવામાં આવેલ તેના અનુસંધાને કે.એ.મકવાણા પોલીસ ઈન્સપેકટર ધ્વારા પોતાના પોલીસ સ્ટેશન માં એફ.આઈ.આર. દાખલ કરાવેલ જે અન્વયે સદર કામે હાલ ના તબકકે એ નોંધ લેવાની થાય કે સદર કામે આરોપી સામે ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૮૮ મુજબના ગુના માટે ,તપાસ કરનાર અમલદાર ધ્વારા ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૧૭૩ મુજબ નો રીપોર્ટ રજુ કરવામાં આવેલ છે , જે અન્વયે પોલીસ મહાનિર્દેશક કાયદો અને વ્યવસ્થા ગુજરાત રાજય , શ્રી તીર્થ રાજ ધ્વારા તમામ પોલીસ કમિશનરશ્રી તેમજ તમામ રેન્જ ના વડાશ્રી, ગુજરાત રાજય તેમજ તમામ પોલીસ અધીક્ષકશ્રી ને સંદેશ આપેલ, જે ધ્યાને લેતા તેઓ ધ્વારા નીચે મુજબ જણાવવામાં આવેલ છે,

સી.આર.પી.સી. ૧૯૫(૧)(એ)(i)માંની જોગવાઈ અન્વયે જે જાહેર સેવાકના હુકમ નો ભંગ થયેલ હોવાનું કહેવાનું હોય , તેજ જાહેર સેવક તરફથી કોર્ટમાં " (કમ્પલેઈન્ટ) દાખલ કરવામાં આવેલ હોય તે સિવાય , કોઈ પણ કોર્ટ ધ્વારા ઈપીકો ની કલમ ૧૮૮ ના ગુનાનું સંજ્ઞાન લઈ શકાતું નથી, સી.આર.પી.સી. ની કલમ ૧૯૫(૧)(એ)(i)ની જોગવાઈને " કમ્પલેન્ટ" ની વ્યાખ્યા ધરાવતી કલમ ૨(ડી) સાથે વંચાણે લેતા, તે તારણ નિરવીવાદ રીતે કાઢવા પાત્ર થાય છેકે ઈ.પી.કો ની કલમ ૧૮૮ હેઠળ કોઈ પણ પોલીસ સ્ટેશનમાં ફોજદારી ગુના દાખલ કરાવી શકાતો નથી, અને તે બાબતે હુકમ / જાહેરનામું બહાર પાડનાર અધિકારીએ જ જાતે કે તેમના ઉપર વહીવટી નિયંત્રણ ધરાવતા અધિકારીએ સંબંધિત અદાલત માં પોતાની લેખી કમ્પલેઈન્ટ દાખલ કરવાની થાય છે , તે વિગતે ઈ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ ફોજદારી પ્રક્રિયા શરુ કરવા માટે કોઈ પણ પોલીસ સ્ટેશન માં અફ.આઈ.આર. દાખલ કરવાની /કરાવવાની કાર્યવાહી કાયદાકિય રીતે નિરર્થક બાબત હોવાથી, કોઈ પણ પોલીસ સ્ટેશન માં ઈ.પી.કો. કલમ ૧૮૮ હેઠળ એફ.આઈ.આર.(શ્રી સરકાર

તરફે કે અન્યથા ) દાખલ કરવાને પાત્ર ન હોવાની કાયદાકીય જોગવાઈ નોંધ રાખવા જણાવવામાં આવે છે.

આમ સદર પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજ્ય નો નો સંદેશો કે જે તેઓ ધ્વારા તમામ પોલીસ કમિશનર શ્રી તથા તમામ રેંજ વડાશ્રી, તથા તમામ પોલીસ અધિક્ષકશ્રી ને મોકલાવેલ છે, તે બાબત ધ્યાને લેવામાં આવી.

૫. ઉપરોકત તમામ બાબતો ધ્યાને લેતા એ હકીકત નિરવીવાદ છે કે ભારતીય દંડ સંહિતા ની કલમ ૧૭૨ થી ૧૮૮ (બંન્ને કલમો સહિત) ના બનાવ બાબતે કોઈ ગુનો બનવા પામતો હોય તો તેવા સંજોગો માં તે બાબત ની ફરિયાદ (ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨–ડી ની વ્યાખ્યા અન્વયે ની ,જેમાં પોલીસ રિપોર્ટ નો સમાવેશ થતો નથી) હુકમ / જાહેરનામું બહાર પાડનાર અધિકારીએ જ જાતે કે તેમના ઉપર વહીવટી નિયંત્રણ ધરાવતા અધિકારી પોતેજ કોર્ટ માં આવી ને કરી શકે, તે સિવાય અન્ય કોઈ ઈસમ ફરિયાદ કરી શકે નહિ, વધુ માં સદર કામે રેકર્ડ ધ્યાને લેતા સદર કામે હુકમ , શ્રી એ.કે.સીંઘ પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર ધ્વારા કરવામાં આવેલ અને તે હુકમ નું કોઈ પણ વ્યકિત ધ્વારા ભંગ કરવામાં આવે તો તે બાબત ની ફરિયાદ સંબંધીત કોર્ટ માં માત્ર તેઓ પોતે અથવા તેઓ નેના વહીવટી નિયંત્રણ અન્વયે આવતા હોય તેવા અધિકારી ધ્વારા જ કરી શકાય, તેમજ પોલીસ કમિશનરશ્રી ધ્વારા પોતે ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૧૯૫ માં કોઈ ફેરફાર કરી શકે નહિ, અને તે અન્વયે આપવામાં આવેલ વ્યાખ્યા અન્વયે જેઓ ને ફરિયાદ આપવા અધિકાર આપવામાં આવેલ તે અધિકાર માં ફેરફાર કરી શકે નહિ, તેમજ પોતાની સતા બીજા ને સોપી શકાય નહિ, તે અન્વયે હાલ ના કામે કોર્ટ માં ક્રિમીનલ પ્રોસીજર કોડ ની કલમ ૨–ડી ની વ્યાખ્યા મુજબ ની ફરિયાદ કોર્ટ માં આપવામાં આવેલ નથી, જે અન્વયે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબનું સદર કામ બંધ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જેથી, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

૧. હાલનાં કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૫૮ હેઠળ "બંધ રાખી", આરોપીઓને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદર હુકમ ની નકલ , તેના યોગ્ય પાલન કરવા માટે તેમજ ભવિષ્ય માં ફરી આ મુજબ કોર્ટ ની કામગીરી નો સમય નો બગાડ ન થાય તે હેતુ થી , પોલીસ કમિશ્નર , અમદાવાદ

ને મોકલવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર હુકમ ની નકલ સંબંધીત પોલીસ સ્ટેશન તેમજ પોલીસ કમિશનરશ્રી,અમદાવાદ તેમજ પોલીસ મહાનિર્દેશક (કાયદો અને વ્યવસ્થા) ગુજરાત રાજ્ય ને આસી. સુપ્રિટેન્ડેન્ટ શ્રી ને મોકલવી.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલત માં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.

**તા.૦૧/૦૫/૧૮**
**મુ. અમદાવાદ.**

1/5/18.

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૉર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**

01-05-2018